# મામલો આટોપાયાની લોકચર્ચા : હિંમતનગર-કાંકણોલ રોડમાં ભ્રષ્ટાચારના આરોપ પછી કામ ફરી શરૂ થશે..!!




## રાજ્ય કક્ષાએથી તપાસ થાય તો મોટાં કૌભાંડ બહાર આવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ હિંમતનગર-કાંકણોલને જોડતા ૪ કી.મી. રોડનું રૂા.૧.૮૩ કરોડના ખર્ચે ડામર કામ શરૂ થયું છે. જેમાં માટી ઉપર ડામર પાથરી હલકી ગુણવત્તાનું કામ થતું હોવાનું જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષે આરોપ લગાવી કામ બંધ કરાવતાં હલચલ મચી હતી. જ્યારે મામલાના ૩ દિવસ પછી આટોપાયાની ગરમા ગરમ લોકચર્ચાએ અનેક અટકળોને જોર આપ્યું છે. રાજ્ય કક્ષાએથી જિલ્લામાં થયેલા ડામર રોડના કામની તપાસ થાય તો મોટાં કૌભાંડ બહાર આવી શકે છે.

સાબરકાંઠા જિલ્લા પંચાયત આર. એન્ડ બી. હસ્તકના મોટાભાગના કામોમાં ગુણવત્તા વગરનાં કામ થયાં છે. અધિકારીઓ, વર્ક કારકૂન અને કોન્ટ્રાક્ટરોની મીલીભગતના કારણે પ્રજાને સારા ડામર રોડ નસીબ થતા નથી. જિલ્લા પંચાયત વિભાગના એસ.ઓ.ને મલાઈદાર કામ હોય તે રોડ ઉપર જ કામગીરી સોંપવામાં આવે છે અને પ્લાન્ટ ઉપર કોઈપણ પ્રકારના કર્મચારીની હાજરી વગર તૈયાર થયેલો ડામર રોડ માટેનું મટીરીયલ્સ ડમ્પરમાં ભરીને રવાના થતું હોય છે. જેમાં મોટાભાગે સેમી માલ અને ઓછા ડામરનો ઉપયોગના આક્ષેપ જગજાહેર છે. ૩ દિવસ અગાઉ હિંમતનગર-કાંકણોલ રોડ ઉપર માટી ઉપર ડામર પાથરી ભ્રષ્ટાચાર આદરાતો હોવાના જિલ્લા પંચાયત પદાધિકારના ગંભીર આક્ષેપ અને વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયા પછી અધિકારીઓએ ડેમેજ કંટ્રોલના પ્રયાસો હાથ ધર્યા અને તેમાં ઠીક ઠીક સફળ રહ્યા હોય તેમ મામલો આટોપાયાની ગરમાગરમ લોકચર્ચા ચાલી રહી છે. આવનારા દિવસોમાં રાજ્ય કક્ષાએથી ક્વોલીટી કંટ્રોલ વિભાગની ટીમ તપાસ હાથ ધરે તો મીલીભગતનો પણ પર્દાફાશ થઈ શકે છે.

### સંપૂર્ણ નિરીક્ષણ હેઠળ ડામર કામ કરો : કારોબારી અધ્યક્ષ

બાયડ : જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ વિપુલ પટેલે હિંમતનગર-કાંકણોલ ડામર રોડનું કામ અટકાવી દીધા પછી નબળી ગુણવત્તાના કામનો આરોપ લગાવ્યો હતો. જ્યારે મામલે થાળે પડી ગયાની ગરમા ગરમ ચર્ચા વચ્ચે સંપર્ક કરતાં જણાવ્યું કે કોઈ મામલો થાળે પડ્યો નથી. જિલ્લા પંચાયત આર. એન્ડ બી. વિભાગના કર્મચારીની હાજરીમાં જ ડામર રોડનું કામ કરવા માટે જણાવ્યું છે અને જવાબદાર સ્ટાફ હાજર હોય તો જ ડામર રોડનું કામ આગળ ધપવા દેવામાં આવશે.

### કામ બાબતે ગેર સમજ થઈ હતી : કાર્યપાલક ઈજનેર


બાયડ : આર. એન્ડ બી. જિલ્લા પંચાયત સાબરકાંઠાના કાર્યપાલક ઈજનેર એલ.ડી.ચૌધરીએ જણાવ્યું કે રસ્તાના કામમાં કોઈ ગેરરીતી થઈ નથી માત્ર ગેરસમજ થઈ હતી તે દૂર કરવામાં આવી છે. તો પછી હવે મામલો થાળે પાડવાની બાબતમાં ખરેખર શું છે..?? તેને લઈને અનેક જાગ્રત નાગરિકો ચકરાવે ચઢ્યા છે.

# શિક્ષકો ઉપર વોચ : ઉત્તર ગુજરાતમાં ૪૦,૦૦૦ શિક્ષકો ઓનલાઈન ભણાવે છે કે નહીં તેની તપાસ માટે કંટ્રોલરૂમ

## શિક્ષણ વિભાગને શિક્ષકો ઉપર ભરોસો નથી..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સોમવારથી પ્રથમ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. શિક્ષકો-કર્મચારીઓની ૧૦૦ ટકા હાજરીથી શિક્ષણધામ જીવંત દેખાયા. વિદ્યાર્થીઓની હાજરી વગર મેદાન સૂમસામ હતા ત્યારે રાજ્યનો શિક્ષણ વિભાગ પ્રથમ દિવસથી એક્શનમાં આવ્યો. શિક્ષકો ઓનલાઈન ભણાવે છે કે નહીં તેની તપાસ માટે કંટ્રોલ રૂમ તૈયાર કર્યો છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની સરકારી પ્રા.શાળા, સરકારી મા.,ઉ.મા. શાળા અને ગ્રાન્ટેડ શાળાઓના ૪૦,૦૦૦ શિક્ષકો ઉપર વિભાગ દ્વારા વૉચ ગોઠવવામાં આવી છે.




ઓનલાઈન શિક્ષણ સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. બોર્ડ પરીક્ષા આપ્યા વગર ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા ઉત્તિર્ણ થનારા મોટાભાગના છાત્રોમાં કોઈ ઉત્સાહ દેખાતો નથી. પ્રવેશ અંગેની પણ કોઈ માર્ગદર્શિકા શાળાઓ સુધી પહોંચી નથી ત્યારે અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓને પુસ્તકો પહોંચ્યા ન હોવાના ગણગણાટ વચ્ચે શિક્ષકો ઓનલાઈન ભણાવે છે કે કેમ..?? તેની તપાસ માટે કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે અને આ માટે ઓચિંતિ તપાસ કરી જિલ્લા શિક્ષણાધિકારીને વિગતો આપવામાં આવશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. કોરોનાએ શિક્ષણને તહસ નહસ કર્યું છે. માસ પ્રમોશન કેટલી પેઢી સુધી અડચણરૂપ થશે તેની અટકળોનો દોર આરંભાયો છે. તા.૭ જૂનથી વિદ્યાર્થીઓની હાજરી વગર શૈક્ષણિક સંકુલો ખૂલ્યા અને એ સાથે જ ફરીથી ઓનલાઈન અભ્યાસ ચર્ચામાં આવી ગયો છે. મોબાઈલના સતત ઉપયોગથી અનેક બાળકો જીદ્દી સ્વભાવના બની ગયા છે. વાલીઓ પણ ઓન લાઈન શિક્ષણ કરતાં ઓફલાઈન શિક્ષણની વધુ તરફદારી કરતા હોવા છતાં સરકાર બાળકોના આરોગ્ય બાબતે કોઈ જોખમ ઉઠાવવા તૈયાર નથી. ત્યારે શિક્ષકો ઉપર તંત્રએ વૉચ ગોઠવી હોય તેમ ઓનલાઈન શિક્ષણની તપાસ માટે કંટ્રોલરૂમ તૈયાર કરાયો છે જેના કારણે સવારની શાળામાં શિક્ષકોએ શાળામાં સવારના ૭-૧૫ થી બપોરના ૧૨-૦૦ સુધી ફરજીયાત હાજર રહેવું પડશે.

# ઈડરીયોગઢ, વિજયનગરના પોળો વિસ્તારને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો ક્યારે..??

## વૈશ્વિક વિરાસતનો દરજ્જોતો દૂર પરંતુ જાળવણીનો પણ અભાવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

જિલ્લાનો ઈડરીયોગઢ અને વિજયનગરના પોળો વિસ્તારને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો ક્યારે મળશે..?? સરકાર દ્વારા અગાઉ પૌરાણિક સ્થળોની જાળવણી માટે નિર્ણય કરાયો પરંતુ સ્થળ ઉપર જોતાં બધું ભગવાન ભરોસે હોય તેવું જોવા મળ્યું. વૈશ્વિક વિરાસતનો દરજ્જો તો દૂર પરંતુ પૌરાણિક સ્થળોની જાળવણીનો અભાવ પણ ઉડીને આંખે વળગી રહ્યો છે.



પોળો વિસ્તારને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો મળી શકે તેમ છે. કારણ કે તેનો ઈતિહાસ ચકાસવામાં આવે તો બંન્ને પૌરાણિક સ્થળો સાથે દંતકથાઓ જોડાયેલી છે. પરંતુ માત્ર સ્થાનિક તંત્રએ વાતો કરી છે પરંતુ ઈડરીયાગઢના સર્વાંગી વિકાસ અને રાજ્યનું ઉત્કૃષ્ઠ પ્રવાસન સ્થળ બને તેવા કોઈ પ્રયાસો થયા નથી તેનાથી બદત્તર સ્થિતિ વિજયનગરના પોળો વિસ્તારની છે. ત્યાં પણ દૂર દૂરથી આવતા સહેલાણીઓ સૌંદર્ય તો જોવા આવે છે પરંતુ જરૂરી સવલત ન મળવાના કારણે નિરાશ થઈ જાય છે. લાગે છે કે પ્રવાસન ધામોનું સંકલન કરતા વિભાગને સાબરકાંઠા જિલ્લાના પ્રવાસન ધામોનો વિકાસ થાય તેમાં જાજો રસ અંદરખાને ન પણ હોય..!!




રાજયમાં પુરાતત્વ વિભાગની કામગીરી ભલે સારી હોય પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા માટે વિભાગે જોઈએ તેટલો ઉત્સાહ દાખવ્યો નથી. અરવલ્લીની ગીરીકંદરાઓ વચ્ચે આવેલા બંન્ને જિલ્લાઓમાં કુદરતે અફાટ કુદરતી સૌંદર્ય આપ્યું છે. ચોમાસા દરમ્યાન ગીરીમાળાઓ લીલીછમ બની આલ્હાદક બની જતી હોય છે. જ્યારે પર્વતમાળા ઉપર ઈડરીયોગઢ અને પર્વતમાળાની નજીક વિજયનગરના પોળો વિસ્તાર સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પ્રવાસન ધામોના વિકાસ માટે સરકાર ગ્રાન્ટ આપે છે પરંતુ તેના યોગ્ય આયોજનના અભાવના કારણે સહેલાણીઓને પાયાની સવલત પણ મળતી નથી. તે તો ઠીક જિલ્લાના પ્રવાસન સ્થળો ગંદકીના સ્થળો બની ગયા છે. વર્ષો પુરાણો ઈડરીયોગઢ અને વિજયનગરના

# આકરૂન્દ હાઈસ્કુલના ઉ.મા. વિભાગમાં ૩ શિક્ષકોની નવી નિયુક્તિ, સ્ટાફમાં નવા સભ્યોના આગમનથી ઉત્સાહ

## કેળવણી મંડળે આવકાર સન્માન કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ ઉ.મા. શાળાઓમાં ખાલી જગ્યાઓ ઉપર શિક્ષકો (શિક્ષણ સહાયકો)ની જિલ્લા સ્થળ પસંદગી પછી તા.૭ જૂન સોમવારે નવા શૈક્ષણિક સત્રના આરંભ સાથે શાળાઓમાં હાજર થયા છે. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલના ઉ.મા. વિભાગમાં ૩ શિક્ષકો નિયુક્ત થતાં આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા તેમનું આવકાર સન્માનની સાથે તેમની શિક્ષક તરીકેની કારકીર્દી યશસ્વી બની રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરવા રાજ્યના શિક્ષણ વિભાગ અને કમિશનર શાળાઓની કચેરી દ્વારા ભરતી પ્રક્રીયા ગત વર્ષથી શરૂ કરવામાં આવી હતી. કોરોનાના કારણે ભરતીમાં વિલંબ પછી તા.૧ જૂનના રોજ રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે નવનિયુક્ત શિક્ષકોને નિમણૂંક ઓર્ડરો આપવામાં આવ્યા હતા. અરવલ્લી જિલ્લાની ઉ.મા. શાળાઓમાં શિક્ષકોની નિયુક્તિ પછી તા.૭ જૂનના રોજ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો ત્યારે જે શાળાઓમાં શિક્ષકોની નિયુક્તિ થઈ છે તે શાળાના સંચાલક મંડળને નિયુક્તિ માટેનો ભલામણ પત્ર આપવામાં આવ્યો હતો તે મુજબ આકરૂન્દ હાઈસ્કુલના ઉ.મા. વિભાગમાં જલ્પાબેન જશવંતલાલ ગોહેલ (એમ.કોમ, બી.એડ્.), તૌસિફ અલ્લારખા શેખ (એમ.કોમ, એમ.એડ્.એમ.ફીલ) અને શૈલેષ પરભાભાઈ પરમાર (એમ.એ.,બી.એડ્.) ની નિયુક્તિ થતાં તેઓ હાજર થયા હતા ત્યારબાદ આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, ઉપપ્રમુખ નરસિંહદાસ પટેલ, મંત્રી હસમુખભાઈ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ, કોષાધ્યક્ષ બિપીનભાઈ પી. પટેલ, આંતરીક ઓડીટર મનુભાઈ બ્રહ્મભટ્ટ, આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર તુષારભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં ત્રણેય નવનિયુક્ત શિક્ષકોને આવકારી સન્માન કરવાની સાથે ૬૫ વર્ષ જૂની શૈક્ષણિક સંસ્થાની શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિથી વાકેફ કરવામાં આવ્યા હતા. આકરૂન્દ કેળવણી મંડળના પૂર્વ મંત્રી ઈશ્વરભાઈ જી. પટેલ, રમણભાઈ એમ. પટેલ, કારોબારી સભ્ય પરસોત્તમદાસ પટેલ, ભરતભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ (પત્રકાર), વિનોદભાઈ શાહ અને સ્ટાફ હાજર રહ્યા હતા.




### કોરોનાથી મૃત્યુ પામેલા સભ્યો, ભૂતપૂર્વ છાત્રોને શ્રદ્ધાંજલિ અપાઈ

બાયડ : આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા કોરોનાથી મૃત્યુ પામેલા કેળવણી મંડળના સભ્ય જશુભાઈ એલ. પટેલ, હરેશભાઈ બી. પટેલ તેમજ કેળવણી મંડળના સભ્યોના સ્વજનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થી કોરોનાના કારણે મૃત્યુ પામ્યા હતા તે તમામને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# સરડોઈ-દાવલી રોડ ઉપર ગાંડા બાવળનું સામ્રાજ્ય

## ભંગાર રોડ ઉપર સાઈડ આપવી મુશ્કેલ

સરડોઈ, તા.૦૭

મોડાસા તાલુકાના સરડોઈ-દાવલીના ભંગાર રોડ ઉપર ગાંડાબાવળનું સામ્રાજ્ય પથરાયું છે. રોડની બંન્ને સાઈડે જાળીઝાંખરાં સાથે કાંટાળા



બાવળ ફૂલ્યા ફાલ્યા હોવાથી સીંગલ રોડ સાંકળા નાળીયામાં ફેરવાયો છે. જેથી સામેથી આવતા વાહનને સાઈડ આપવી પણ મુશ્કેલ બની છે. છેલ્લા કેટલાય સમયથી ભંગારમાં ફેરવાયેલ માર્ગને નવો બનાવવા માટેની મંજૂરી આપવામાં આવી છે પરંતુ રોડ તૈયાર થાય તે અગાઉ ગાંડા બાવળથી ઘેરાઈ જતાં ગમખ્વાર અકસ્માતની ભીતી વ્યક્ત થઈ છે.

ચોમાસા પૂર્વે જોખમી વૃક્ષો, જર્જરીત મકાનો દૂર કરવા માટે સૂચનાઓ માત્ર કાગળ ઉપર અમલમાં બની છે. ગામડાંના માર્ગો અત્યંત ભંગાર હાલતમાં ફેરવાઈ ગયા પછી નવીનીકરણની વાતો છતાં રોડના કામ દિવાળી પછી શરૂ ન થતાં પ્રજામાં આક્રોશ છે તેમાંય હવે ચોમાસા પૂર્વે જાળીઝાંખરાંથી ઘેરાઈ ગયેલા માર્ગો વાહન ચાલકો માટે મુશ્કેલરૂપ બન્યા છે. તાલુકાના સરડોઈ-દાવલી રોડને જોડતા માર્ગની સાઈડો ગાંડાબાવળોથી ઘેરાઈ છે અને ઘણા લાંબા સમયથી બાવળો દૂર કરવાની કામગીરી થઈ ન હોવાથી હવે સમસ્યા વકરી છે. સીંગલપટ્ટી રોડ ઉપર બાવળના કારણે સામેથી આવતું વાહન પણ સ્પષ્ટ રીતે જોઈ શકાતું ન હોવાથી ગમે ત્યારે વાહનો ટકરાવવાની ભીતી છે. વિભાગ દ્વારા ગાંડા બાવળ દૂર કરવાની કામગીરી કાગળ ઉપર થઈ હોવાના કારણે હવે બાવળનું સામ્રાજ્ય અનેક ગણું વધતાં રોડ સાંકળા નાળીયામાં ફેરવાયો છે. તંત્ર દ્વારા બાવળ કાપવાની કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો આખા રોડ ઉપર બાવળો ફેલાઈ જવાની શક્યતા છે.

# જન્મદિને વધામણી



દ્વિશા ડૉ.પ્રશાંતકુમાર ભાટીયા
બાયડ, જિ.અરવલ્લી


કૌમિક(છોટું) કેતનભાઈ પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


ધારા સમીરકુમાર સોની
બાયડ (અમદાવાદ)


રાજેન્દ્રભાઈ પારઘી
(પૂર્વ પ્રમુખ : અરવલ્લી જિલ્લા પંચાયત)
ભિલોડા, જિ.અરવલ્લી


ભૂપેન્દ્રભાઈ એસ. દરજી
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ(ડાભા)


સ્વ.નરેન્દ્રભાઈ એચ. પટેલ
(પૂર્વ આચાર્ય : બાયડ હાઈસ્કુલ)
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


દિપંકર જયસ્વાલ
બાયડ, જિ.અરવલ્લી


અક્ષતાબેન કરણકુમાર પટેલ
ધનસુરા(આકરૂન્દ)